Department of
**Education**

GOVERNMENT OF
WESTERN AUSTRALIA

# યુનિવર્સિટીમાં પ્રવેશનાં માર્ગો

## માતાપિતા અને સંભાળકર્તાઓ માટે માહિતી

ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી, તાલીમ અને રોજગારમાં પ્રવેશ માટેનાં વિશાળ શ્રેણીબધ્ધ માર્ગોમાંથી પસંદગી કરી શકે છે. વિદ્યાર્થીઓનાં રસ , કૌશલ્યો, જરૂરિયાતો અને આકાંક્ષાઓને પૂર્ણ કરતાં માર્ગોની પસંદગી કરી શકાય છે.

### યુનિવર્સિટીમાં પ્રવેશનાં માર્ગો શું છે?

**એટાર (ATAR)**

વિદ્યાર્થીનાં અભ્યાસક્રમ અને પરીક્ષાના પરિણામનો ઉપયોગ કરીને તેમનો ઓસ્ટ્રોલિયાનો તૃતીય પ્રવેશ ગુણાંક (ઓસ્ટ્રેલિયન ટર્ટરી એડમિશન રેન્ક - ATAR) ગણવામાં આવે છે. ઓછામાં ઓછા ચાર ATAR અભ્યાસક્રમની આવશ્યક્તા છે. મોટાભાગનાં વિદ્યાર્થીઓ માટે ATAR, અભ્યાસક્રમોની શૈક્ષણિક પ્રકૃતિ અને પડકાર, યુનિવર્સિટીમાં સફળ થવા માટેની ઉત્તમ તૈયારી પૂરી પાડે છે.

ATARનો ઉપયોગ કરીને શાળા પૂર્ણ કરનાર તરીકે યુનિવર્સિટીમાં પ્રવેશ માટે ગણના થવા, વિદ્યાર્થીઓએ:

- વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયન સર્ટિફિકેટ ઓફ એજ્યુકેશનની જરૂરિયાતો પૂર્ણ કરવાની રહે છે
- દરેક યુનિવર્સિટી દ્વારા રેખાંકિત કર્યા મુજબ અંગ્રેજી ભાષાનાં સક્ષમતા ધોરણને પૂર્ણ કરવા, નીચેનામાંથી એક રીતે:
    - ATAR અંગ્રેજી
    - ATAR સાહિત્ય
    - ATAR ઇએએલડી અથવા સમકક્ષ (50 કે તેથી વધુનો માપાંકિત સ્કોર)
    - અંગ્રેજીની લેખિત પરીક્ષા, વિશિષ્ટ તૃતીયક પ્રવેશ પરીક્ષા (સ્પેશિયલ ટર્ટરી એડમિશન ટેસ્ટ - (એસટીએટી))ની લઘુત્તમ જરૂરીયાતો.
- કોઈ ચોક્કસ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પૂરતા પ્રમાણમાં ઉચ્ચ ATAR મેળવીને, અને
- કોઈ ચોક્કસ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે કોઈપણ પૂર્વજરૂરિયાતો અથવા વિશેષ આવશ્યક્તાઓને પૂર્ણ કરીને.

ધોરણ 12ના વિદ્યાર્થીઓને તેમની શાળાઓ દ્વારા યુનિવર્સિટીઓમાં અરજી કરવા અને પૂર્વસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ વિશેની માહિતી આપવામાં આવે છે.

CC BY
Exclusions may apply

## પસંદગી રેન્ક એડજસ્ટમેન્ટ સાથે ATAR

કેટલાક વિદ્યાર્થીઓ ATAR એડજસ્ટમેન્ટને પાત્ર હોય છે. એડજસ્ટમેન્ટ વિદ્યાર્થીના રેન્કમાં કેટલાક પરિબળો થકી વધારો કરે છે, જેવાં કે:

- ધોરણ 12નાં વિષયોમાં પ્રદર્શન
- ચોક્કસ વિસ્તારમાં રહેવું અથવા શાળાએ જવું
- પરિવારમાંથી યુનિવર્સિટીમાં **જઇ** રહેલ પ્રથમ વ્યક્તિ હોવું
- એજ્યુકેશન એક્સેસ સ્કીમ માટે પાત્ર હોવુ.



Exclusions may apply

જુદી-જુદી યુનિવર્સિટીઓ માટે **એક જ** વિદ્યાર્થીના જુદાં-જુદાં પસંદગી રેન્ક હોય શકે છે. વધુ માહિતી માટે, મુલાકાત લો:

| યુનિવર્સિટી | વેબસાઈટ |
|---|---|
| **કર્ટિન** | https://study.curtin.edu.au/applying/pathways/stepup-to-curtin |
| **એડીથ કોવાન** | https://www.ecu.edu.au/__data/assets/pdf_file/0011/676946/ECU-Access-Eligible-WA-Schools.pdf |
| **મર્ડોક** | https://www.murdoch.edu.au/study/pathways-to-uni/high-school/selection-rank-adjustment |
| **યુનિવર્સિટી ઓફડબ્લ્યુએ** | https://www.uwa.edu.au/study/how-to-apply/admission-entry-pathways/broadway |

**કાર્યલક્ષી શિક્ષણ અને તાલીમ (વીઈટી)**

શ્રેણીબધ્ધ પૂર્વસ્નાતક અભ્યાસક્રમોની લઘુત્તમ પ્રવેશ જરૂરિયાતો પૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓ વીઈટી લાયકાતોનો ઉપયોગ કરી શકે છે. સામાન્યપણે, અરજીકર્તાએ સફળતાપૂર્વક ડબ્લ્યુએસીઈ મેળવેલ હોય છે, સર્ટિફિકેટ 4ના સ્તરે **એક** લાયકાત પૂર્ણ કરી હોય છે અને અંગ્રેજી ભાષા ક્ષમતા મેળવી હોય છે. વધુ માહિતી માટે, મુલાકાત લો:

| યુનિવર્સિટી | વેબસાઈટ |
|---|---|
| **કર્ટિન** | https://study.curtin.edu.au/applying/pathways/tafe-vet |
| **એડીથ કોવાન** | https://www.ecu.edu.au/future-students/course-entry<br>વિદ્યાર્થીઓ ઈસીયુ યુનિપ્રેપ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અરજી કરવા માટે સર્ટિફિકેટ 3 અને અંગ્રેજી ભાષાની સક્ષમતાનો ઉપયોગ કરી શકે છે, માહિતી માટે મુલાકાત લો https://www.ecu.edu.au/degrees/uniprep |
| **મર્ડોક** | https://www.murdoch.edu.au/study/pathways-to-uni/vocational-education-and-training<br>વિદ્યાર્થીઓ મર્ડોકનાં ઓનટ્રેક અને ફ્લેક્સિટ્રેક કાર્યક્રમોમાં પ્રવેશ માટે અરજી કરવા માટે પુખ્તવયનાઓ માટેનાં પ્રચલિત શિક્ષણમાં સર્ટિફિકેટ 2 અથવા સર્ટિફિકેટ 3 અને અંગ્રેજી ભાષા સક્ષમતાનો ઉપયોગ કરી શકે છે. માહિતી માટે જુઓ: ઓનટ્રેક –<br>https://www.murdoch.edu.au/course/enabling/n1111 ફ્લેક્સિટ્રેક – https://www.murdoch.edu.au/course/enabling/n1101 |
| **યુનિવર્સિટી ઓફ નોટ્રા ડેમ** | https://www.notredame.edu.au/study/pathways/vet-study<br>કાનૂને લગતાં, ફીઝિયોથેરાપી અને શિક્ષણ સિવાયનાં અભ્યાસક્રમો માટે ઉપલબ્ધ છે. |
| **યુનિવર્સિટી ઓફડબ્લ્યુએ** | https://www.uwa.edu.au/study/How-to-apply/Admission-entry-pathways/Diploma-Entry-Pathway |


D23/0767063
March 2023
Exclusions may apply

### એબોરિજિનલ અને ટોરસ સ્ટ્રેટ આઈલેન્ડર વિદ્યાર્થીઓ માટે માર્ગો

યુનિવર્સિટીમાં પ્રવેશ માટે એબોરિજિનલ અને ટોરસ સ્ટ્રેટ આઈલેન્ડર વિદ્યાર્થીઓ માટે સમર્પિત માર્ગો છે. વધુ માહિતી માટે, મુલાકાત લો:

| યુનિવર્સિટી | વેબસાઈટ |
|---|---|
| **કર્ટિન** | https://karda.curtin.edu.au/study/enabling-courses |
| **એડીથ કોવાન** | એબોરિજિનલ યુનિવર્સિટી રેડીનેસ એસેસમેન્ટ (એયુઆરએ), સર્ટિફિકેટ 2 અથવા તેનાથી ઓછું પૂર્ણ કર્યું હોય તેવા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં પ્રવેશ માટે ધ્યાનમાં લેવાની મંજૂરી આપે છે. માહિતી માટે જુઓ https://www.ecu.edu.au/centres/kurongkurl- katitjin/student-success- and-support/aborignal-university-readiness- assessment |
| **મર્ડોક** | કે-ટ્રેક સક્ષમતા કાર્યક્રમ એ એક નિઃશુલ્ક અભ્યાસક્રમ છે જે એબોરિજિનલ અને ટોરસ સ્ટ્રેટ આઈલેન્ડરોને તૃતીયક શિક્ષણ શરૂ કરવા અથવા દિશા બદલવાની શોધમાં સક્ષમ બનાવે છે. વધુ માહિતી માટે, જુઓ https://www.murdoch.edu.au/life-at- murdoch/perth-campus/facilities- services/kulbardi-aboriginal-centre/k-track- enabling-program |
| **યુનિવર્સિટી ઓફ નોટ્રા ડેમ** | એબોરિજિનલ અને ટોરસ સ્ટ્રેટ આઈલેન્ડર વિદ્યાર્થીઓ માટે તબીબી શિક્ષણમાં સંખ્યાબંધ તકો અને વૈકલ્પિક પ્રવેશ માર્ગો નોટ્રા ડેમમાં છે. માહિતી માટે જુઓ https://www.notredame.edu.au/current- students/support/indigenous- portal |
| **યુનિવર્સિટી ઓફડબ્લ્યુએ** | સ્વદેશી અભ્યાસની તકો: યુનિવર્સિટી ઓફવેસ્ટર્ન ઓસ્ટ્રેલિયામાં એબોરિજિનલ દિશામાન (ઓરિએન્ટેશન) અભ્યાસક્રમ અને અસ્થાયી પ્રવેશ યોજનાનો સમાવેશ થાય છે. માહિતી માટે જુઓ https://www.uwa.edu.au/study/indigenous-study |

### યુનિવર્સિટીની તૈયારી માટેનાં અભ્યાસક્રમો

યુનિવર્સિટીની તૈયારી અથવા સક્ષમતા અભ્યાસક્રમો વિદ્યાર્થીઓને શ્રેણીબધ્ધ પૂર્વસ્નાતક અભ્યાસક્રમો માટે લાયક બનવા માટે તૈયાર કરવા માટે બનાવવામાં આવ્યા છે. આ અભ્યાસક્રમો સંશોધન, લેખન પ્રક્રિયાઓ અને આંકડાશાસ્ત્ર જેવા યુનિવર્સિટી સ્તરના અભ્યાસ માટે જરૂરી કૌશલ્યો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વધુ માહિતી માટે, મુલાકાત લો:

| યુનિવર્સિટી | વેબસાઈટ |
|---|---|
| **કર્ટિન** | યુનિરેડી કાર્યક્રમ નિઃશુલ્ક છે અને તે શાળા પૂર્ણ કરી રહેલાઓ અને પુખ્ત ઉંમરના વિદ્યાર્થીઓ માટે ખુલ્લો છે. માહિતી માટે જુઓ https://study.curtin.edu.au/applying/pathways/uniready-enabling- program |
| **એડીથ કોવાન** | યુનિપ્રેપ કાર્યક્રમો નિઃશુલ્ક છે અને તે શાળા પૂર્ણ કરી રહેલાઓ અને પુખ્ત ઉંમરના વિદ્યાર્થીઓ માટે ખુલ્લાં છે. માહિતી માટે જુઓ https://www.ecu.edu.au/degrees/uniprep |
| **મર્ડોક** | મર્ડોક પાસે ક્ષમતાદાયક માર્ગોની શ્રેણી છે. માહિતી માટે જુઓ http://www.murdoch.edu.au/study/courses/enabling-pathways |
| **યુનિવર્સિટી ઓફ નોટ્રા ડેમ** | https://www.notredame.edu.au/study/pathways/tertiary-pathway-program |



CC BY
Exclusions may apply

**પોર્ટફોલિયો પ્રવેશ**
વિદ્યાર્થીઓની પોર્ટફોલિયોના આધારે ચોક્કસ પૂર્વસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિચારણા કરી શકાય છે, જે શૈક્ષણિક સિદ્ધિઓ, લાયકાતો, ક્ષમતાઓ અને તૃતીયક અભ્યાસ માટે યોગ્યતા દર્શાવતો હોય. વધુ માહિતી માટે, મુલાકાત લો:

| યુનિવર્સિટી | વેબસાઈટ |
|---|---|
| **કર્ટિન** | પોર્ટફોલિયો પ્રવેશ શ્રેણીબધ્ધ માનવતા, વિજ્ઞાન, વ્યવસાય અને આરોગ્ય વિજ્ઞાનના અભ્યાસક્રમો માટે ઉપલબ્ધ છે. માહિતી માટે જુઓ https://study.curtin.edu.au/applying/pathways/portfolio-entry |
| **એડીથ કોવાન** | વિદ્યાર્થીઓની ATAR વિના સર્જનાત્મક કલા અને ડિઝાઇન શાખાઓમાં વિશિષ્ટ પૂર્વસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિચારણા કરી શકાય છે. માહિતી માટે જુઓ, https://www.ecu.edu.au/future-students/course- entry/creative-arts-portfolio-entry |
| **મર્ડોક** | મીડિયા માર્ગએ આર્ટસના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાનું લક્ષ્ય રાખતાં સર્જનાત્મક વિદ્યાર્થીઓ માટે છે. માહિતી માટે જુઓ https://www.murdoch.edu.au/study/courses/undergraduate-courses/portfolio-entry-pathway http://www.murdoch.edu.au/study/courses/undergraduate-courses/portfolio-entry-pathway/media-portfolio-pathway |

**અનુભવ આધારિત પ્રવેશ**
પૂરા પાડવામાં આવેલા પુરાવાના આધારે વિદ્યાર્થીઓની ઉચ્ચ શિક્ષણમાં સફળ થવાની તેમની ક્ષમતાની યુનિવર્સિટી આકારણી દ્વારા પૂર્વસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વિચારણા કરી શકાય છે. વધુ માહિતી માટે, મુલાકાત લો:

| યુનિવર્સિટી | વેબસાઈટ |
|---|---|
| **કર્ટિન** | જો અન્ય કોઈ માર્ગ અનુકૂળ ન હોય તો, વિદ્યાર્થીઓને તેમની પસંદના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવામાં મદદ કરી શકે છે. માહિતી માટે જુઓ https://study.curtin.edu.au/applying/pathways/access-curtin |
| **એડીથ કોવાન** | વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં સફળ થવાની તેમની ક્ષમતાના મૂલ્યાંકન દ્વારા પૂર્વસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ધ્યાનમાં લેવાની મંજૂરી આપે છે. માહિતી માટે જુઓ, https://www.ecu.edu.au/future-students/course- entry/experience-based-entry-scheme |
| **મર્ડોક** | સ્નાતક અભ્યાસક્રમમાં દાખલાની જરૂરિયાત વિના તેમની પસંદગીના જે તે એકમોનો અભ્યાસ કરવા માટે મૂલ્યાંકનવાળા અથવા બિન-મૂલ્યાંકન વિકલ્પો પૂરા પાડે છે. માહિતી માટે જુઓ https://www.uwa.edu.au/study/courses-and-careers/short-courses/access-uwa-assessed |
| **યુનિવર્સિટી ઓફડબ્લ્યુએ** | શૈક્ષણિક સિદ્ધિઓ અને જીવનના અનુભવોના સંયોજનનો ઉપયોગ કરીને કેટલીક પૂર્વસ્નાતક બેચલર ડિગ્રીમાં અરજીની પરવાનગી આપે છે. વધુ માહિતી માટે જુઓ, https://www.uwa.edu.au/study/How-to- apply/Admission-entry-pathways/Experience-based-entry |

CC BY
Exclusions may apply

## શૈક્ષણિક સુલભતા યોજના

જે વિદ્યાર્થીઓએ ઉચ્ચતર માધ્યમિક શાળા દરમ્યાન અપવાદરૂપ સંજોગોનો અનુભવ કર્યો હોય, જેણે તેમના ધોરણ 11 અને 12ના અભ્યાસ પર  પ્રતિકૂળ અસર કરી છે, તેઓ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટીઓમાં પૂર્વસ્નાતક પ્રવેશ મેળવી શકે છે. અરજીકર્તાઓ તૃતીયક સંસ્થા સેવા કેન્દ્ર (ટીઆઈએસસી) દ્વારા વિશેષ વિચારણા માટે અરજી કરી શકે છે.

વધુ માહિતી માટે ટીઆઈએસસીની વેબસાઈટ https://www.tisc.edu.au/static/home.tiscની મુલાકાત લો.



D23/0767063
March 2023

Exclusions may apply